## વસંત

ILLINOIS STATE BOARD OF EDUCATION






# Illinois વિજ્ઞાન મૂલ્યાંકન સ્કોર રિપોર્ટ અર્થઘટન માર્ગદર્શિકા

1164807 1 2 3 4 5 A B C D E USAમાં પ્રિન્ટ થયેલ ISD40179

ILLINOIS STATE BOARD OF EDUCATION

## વિષયસૂચિ


**1.0 માતા-પિતા અને શિક્ષકો માટે સામાન્ય માહિતી ........................................ 4**

1.1 પૃષ્ઠભૂમિ ........................................ 4

1.2 ISA મૂલ્યાંકન ........................................ 4

1.3 પરિણામોના રિપોર્ટની ગોપનીયતા ........................................ 4

1.4 આ માર્ગદર્શિકાનો હેતુ ........................................ 4

**2.0 Illinois વિજ્ઞાન મૂલ્યાંકન વ્યક્તિગત વિદ્યાર્થી રિપોર્ટ (ISR)ની સમજણ ....... 5**

2.1 ISA વ્યક્તિગત વિદ્યાર્થી રિપોર્ટ પરના સ્કોરના પ્રકાર ........................................ 5

2.1.1 સ્કેલ સ્કોર ........................................ 5

2.1.2 પ્રદર્શન સ્તર ........................................ 5

2.2 ISRનો નમૂનો ........................................ 6

2.3 વ્યક્તિગત વિદ્યાર્થી રિપોર્ટની સમજણ ........................................ 8

2.3.1 સામાન્ય માહિતી ........................................ 8

2.3.2 એકંદર મૂલ્યાંકન સ્કોર ........................................ 8

**પરિશિષ્ટ A ........................................ 9**

સ્કેલ સ્કોર શ્રેણીઓ ........................................ 9

ILLINOIS STATE BOARD OF EDUCATION

# 1.0 માતા-પિતા અને શિક્ષકો માટે સામાન્ય માહિતી

## 1.1 પૃષ્ઠભૂમિ

Ilinois સાયન્સ અસેસ્મન્ટ (ISA) એ પ્રત્યેક વિદ્યાર્થી સફળતા અધિનિયમ (Every Student Succeeds Act, ESSA)ની આવશ્યકતાઓને પૂર્ણ કરવા માટે સંચાલિત થાય છે. ESSA માટે એ જરૂરી છે કે રાજ્યો નીચેના દરેક ગ્રેડના ગાળામાં એકવાર વિજ્ઞાનમાં વિદ્યાર્થીઓની કસોટી કરે: 3-5, 6-9, અને 10-12. Illinois ગ્રેડ 5 અને 8માં ISAનું સંચાલન કરે છે. Illinoisએ 2025માં અંગ્રેજી ભાષા કલા (English language arts, ELA), ગણિત અને વિજ્ઞાન માટે હાઈસ્કૂલ જવાબદારી મૂલ્યાંકન તરીકે ACT® માં સંક્રમિત થયું.

## 1.2 ISA મૂલ્યાંકન

Illinois વિજ્ઞાન મૂલ્યાંકન (Illinois Science Assessment, ISA) કાં તો કમ્પ્યુટર-આધારિત પરીક્ષણ (CBT) અથવા પેપર-આધારિત પરીક્ષણ (PBT) ફોર્મેટમાં સંચાલિત કરવામાં આવશે.

Illinois વિજ્ઞાન મૂલ્યાંકન નેક્સ્ટ જનરેશન સાયન્સ સ્ટાન્ડર્ડ્સ (NGSS)ને સમાવિષ્ટ કરીને વિજ્ઞાનમાં Illinois શિક્ષણ ધોરણોને પહોંચી વળવાની ગ્રેડ 5 અને 8ના વિદ્યાર્થીઓની પ્રગતિનું મૂલ્યાંકન કરે છે.

## 1.3 પરિણામોના રિપોર્ટની ગોપનીયતા

ISAમાં વ્યક્તિગત વિદ્યાર્થીઓના પ્રદર્શન પરિણામો ગોપનીય છે અને તે માત્ર 1974ના કૌટુંબિક શૈક્ષણિક અધિકારો અને ગોપનીયતા અધિનિયમ (20 U.S.C. કલમ 1232g) અનુસાર પ્રકાશિત કરી શકાય છે. એકીકૃત વિદ્યાર્થી કામગીરી ડેટા જાહેરમાં ઉપલબ્ધ કરાવવામાં આવે છે અને તેમાં વ્યક્તિગત વિદ્યાર્થીઓ અથવા શિક્ષકોના નામ શામેલ હોતા નથી.

## 1.4 આ માર્ગદર્શિકાનો હેતુ

આ માર્ગદર્શિકા ISA પરિણામો માટે પૂરા પાડવામાં આવેલ વ્યક્તિગત વિદ્યાર્થી રિપોર્ટની માહિતી પ્રદાન કરે છે. વિભાગ 2.0, જે વ્યક્તિગત વિદ્યાર્થી રિપોર્ટના ઘટકોની રૂપરેખા આપે છે અને સમજાવે છે, તે માતાપિતા સાથે શેર કરી શકાય છે. આ વિભાગ માતાપિતાને તેમના બાળકના પરીક્ષણ પરિણામો સમજવામાં મદદ કરશે.

આ માર્ગદર્શિકામાં સમાવિષ્ટ નમૂનાના રિપોર્ટ માત્ર ઉદાહરણના હેતુ માટે છે. તેઓ રિપોર્ટની મૂળભૂત ગોઠવણી (લેઆઉટ) અને તે જે માહિતી પૂરી પાડે છે, તે બતાવવા માટે આપવામાં આવે છે. નમૂનાના રિપોર્ટમાં કોઈપણ પરીક્ષણ વહીવટનો વાસ્તવિક ડેટા શામેલ નથી.

# 2.0 Illinois વિજ્ઞાન મૂલ્યાંકન વ્યક્તિગત વિદ્યાર્થી રિપોર્ટ (ISR)ની સમજણ

## 2.1 ISA વ્યક્તિગત વિદ્યાર્થી રિપોર્ટ પરના સ્કોરના પ્રકાર

ISAમાં વિદ્યાર્થીઓના પ્રદર્શનનું વર્ણન સ્કેલ સ્કોર અને પ્રદર્શન સ્તરોનો ઉપયોગ કરીને વ્યક્તિગત વિદ્યાર્થી રિપોર્ટ પર કરવામાં આવે છે. માતા-પિતાને તેમના બાળકોની કામગીરી અન્ય વિદ્યાર્થીઓની તુલનામા કેવી છે તે સમજાવવા માટે રિપોર્ટના સંબંધિત વિભાગોમાં રાજ્યના સરેરાશ પરિણામો શામેલ છે.

### 2.1.1 સ્કેલ સ્કોર

સ્કેલ સ્કોર એ સંખ્યાત્મક મૂલ્ય છે જે વિદ્યાર્થીઓના પ્રદર્શનનો સારાંશ આપે છે. બધા વિદ્યાર્થીઓ ટેસ્ટ આઇટમ્સના સમાન સમૂહનો પ્રતિસાદ આપતા નથી, તેથી દરેક વિદ્યાર્થીનો કાચો સ્કોર (પરીક્ષણ આઇટમ્સ પર મેળવેલ વાસ્તવિક પોઈન્ટ) વિવિધ પરીક્ષણ સ્વરૂપો અને વહીવટ વચ્ચેની મુશ્કેલીમાં થોડો તફાવત હોવાને કારણે સંતુલિત કરવામાં આવે છે. પરિણામી સ્કેલ સ્કોર ગ્રેડ અથવા કોર્સ અને વિષયવસ્તુ ક્ષેત્રની અંદર પરીક્ષણ સ્વરૂપો અને વહીવટના વર્ષોમાં સચોટ સરખામણી કરવા દે છે. ISA રિપોર્ટ્સ વિજ્ઞાન માટે એકંદર સ્કેલ સ્કોર્સ પ્રદાન કરે છે, જે વિદ્યાર્થીના પ્રદર્શન સ્તરને નિર્ધારિત કરે છે. તમામ પરીક્ષણો માટે ISA સ્કેલ સ્કોર 700 થી 900 સુધીની છે. વધુમાં, ISA દરેક ત્રણ ડોમેન્સ માટે ડોમેન લેવલ સ્કેલ સ્કોર્સ ઓફર કરે છે: 300 થી 500ના ડોમેન સ્કેલ સ્કોર માટેની શ્રેણી સાથે જીવન, ભૌતિક અને પૃથ્વી/અવકાશ.

ઉદાહરણ તરીકે, જે વિદ્યાર્થી ગ્રેડ 8 વિજ્ઞાન મૂલ્યાંકનના એક ફોર્મ પર 800નો એકંદર સ્કેલ સ્કોર મેળવે છે તેની પાસેથી ગ્રેડ 8 વિજ્ઞાન મૂલ્યાંકનના અન્ય કોઈપણ સ્વરૂપ પર 800નો એકંદર સ્કેલ મેળવવાની અપેક્ષા રાખવામાં આવશે. વધુમાં, વિદ્યાર્થીનો એકંદર સ્કેલ સ્કોર અને વિભાવનાઓ અને કૌશલ્યોની નિપુણતાનું સ્તર એ વિદ્યાર્થી સાથે તુલનાત્મક હશે જેણે પાછલા વર્ષે અથવા પછીના વર્ષે સમાન મૂલ્યાંકન કર્યું હતું.

### 2.1.2 પ્રદર્શન સ્તર

દરેક પ્રદર્શન સ્તર એ વિદ્યાર્થીના એકંદર સ્કેલ સ્કોર દ્વારા વ્યાખ્યાયિત એક વ્યાપક, સ્પષ્ટ સ્તર છે અને વિદ્યાર્થીઓએ તેમના ગ્રેડ સ્તર/કોર્સ માટેની અપેક્ષાઓ કેટલી સારી રીતે પૂર્ણ કરી તેનું વર્ણન કરીને એકંદર વિદ્યાર્થી પ્રદર્શનની જાણ કરવા માટે વપરાય છે. દરેક પ્રદર્શન સ્તરને મૂલ્યાંકન માટે એકંદર સ્કેલ સ્કોર્સની શ્રેણી દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવે છે. Illinois વિજ્ઞાન મૂલ્યાંકન માટે ચાર પ્રદર્શન સ્તર છે:

- સ્તર 4: વધુ નિપુણ
- સ્તર 3: નિપુણ
- સ્તર 2: નિપુણની નજીક
- સ્તર 1: નિપુણથી નીચું

સ્તર 3 અને 4 પર પ્રદર્શન કરતા વિદ્યાર્થીઓ નિપુણ અથવા વધુ નિપુણ હોય છે અને તેમણે આગામી ગ્રેડ સ્તર માટે તૈયારી દર્શાવી છે. પરીક્ષણ પ્રદર્શન સ્તરોને લગતી વધારાની માહિતી પરિશિષ્ટ A માં મળી શકે છે.

## 2.2 ISRનો નમૂનો

Illinois Science Assessment

**નામ અટક**
જન્મ તારીખ: 08/25/2012 ID: 280092249 **ગ્રેડ: 5**
નમૂનાનું જીલ્લાનું નામ
નમૂના શાળાનું નામ
ILLINOIS

**ગ્રેડ 5 વજ્ઞિાન** વસંત (સ્પ્રગિ) 2025

# વજ્ઞિાન મૂલ્યાંકન અહેવાલ, 2024-2025

llinois સાયન્સ અસેસ્મન્ટ (ISA) એ પ્રત્યેક વદ્યિાર્થી સફળતા અધનિયિમ (Every Student Succeeds Act, ESSA)ની આવશ્યકતાઓને પૂર્ણ કરવા માટે સંચાલતિ થાય છે. ESSA માટે એ જરૂરી છે કે રાજ્યો નીચેના દરેક ગ્રેડના ગાળામાં એકવાર વજ્ઞિાનમાં વદ્યિાર્થીઓની કસોટી કરે: 3-5 અને 6-9. Illinois ગ્રેડ 5 અને 8માં ISAનું સંચાલન કરે છે. મૂલ્યાંકનનો સમયગાળો લગભગ બે કલાકનો છે. પરણિામો વજ્ઞિાનના પ્રદર્શનનું ઉચ્ચ-સ્તરનું સૂચન પ્રદાન કરે છે અને વજ્ઞિાનમાં વદ્યિાર્થીના એકંદર પ્રાવીણ્યને નક્કી કરવા માટે અન્ય સ્થાનકિ ડેટા પોઈન્ટ સાથે સંયોજનમાં ઉપયોગમાં લેવા જોઈએ. ISA પરણિામોનો હેતુ શાળા અને જલ્લિા સ્તરે શક્ષિણને આકાર આપવા માટે વજ્ઞિાનના મોટા પાયાના સ્નેપશોટ તરીકે સેવા આપવાનો છે.

પ્રથમનામના1 પરણિામો વશિે વ્યક્તગિત વીડયિો જોવા અને મૂલ્યાંકન વશિે વધુ જાણવા માટે જમણી બાજુએ બતાવેલ QR કોડનો ઉપયોગ કરો અથવા https://familyportal.pearson.com/ilની મુલાકાત લો.

5

### હું આ રપિોર્ટનો ઉપયોગ કેવી રીતે કરી શકું?

વર્તમાન શક્ષિણનું વર્ણન કરવા માટે રાજ્ય શક્ષિણ બોર્ડે ISA સ્કોરસને ચાર પ્રવીણતા સ્તરોમાં વભિાજતિ કર્યા છે.

**તમારા શક્ષિકને પૂછો:**

- શું તમે 5મા ગ્રેડના વજ્ઞિાનમાં વવિધિ પ્રાવીણ્ય સ્તરોની લાક્ષણકિતા ધરાવતી કુશળતા અને વવિેચનાત્મક વચિાર ક્ષમતાઓના ઉદાહરણો આપી શકો છો? (વધુ માહતિી માટે https://il.mypearsonsupport.com/reportingની મુલાકાત લો
- આ રપિોર્ટ તમારા બાળકની વર્તમાન ક્ષમતાઓ અને પડકારો વશિે શું કહે છે?
- તેઓ આ વર્ષે શું કરશે અને તમારા બાળકને પ્રગતકિરવામાં મદદ કરવા માટે ઘરે શું કરી શકાય?




### તમારા બાળકનો સ્કોર

નામ1 એ 2025 ISAમાં **755** નો 5મો ગ્રેડનો સ્કોર હાંસલ કર્યો. આ સ્કોર શૈક્ષણકિ કૌશલ્યો અને જ્ઞાનના વર્તમાન સ્તરો અને તે શક્ષિણને નવા શૈક્ષણકિ કાર્યોમાં લાગુ કરવાની વર્તમાન ક્ષમતાનો અંદાજ લગાવે છે. ઉચ્ચ સ્કોર સામાન્ય રીતે વજ્ઞિાનના જ્ઞાનની મજબૂત શ્રેણી અને તે જ્ઞાનને વધુ જટલિ શૈક્ષણકિ કાર્યો અને સમસ્યાઓમાં લાગુ કરવાની ઉચ્ચ ક્ષમતા દર્શાવે છે.

એ યાદ રાખવું અગત્યનું છે કે તમારા બાળકનો ISA સ્કોર તેના વર્તમાન શક્ષિણનો ***અંદાજ*** છે. તમારા બાળકનો સ્કોર ***7.0*** પોઇન્ટ જેટલો વધારે અથવા ઓછો હોઈ શકે છે. જો તેને/તેણીએ અનેકવાર ટેસ્ટ આપી હશે તો આ તમારા બાળકના સ્કોરમાં અપેક્ષતિ ફેરફારના અંકો છે. સ્કોરમાં નાના તફાવતનું વધુ અર્થઘટન ન કરવું જોઈએ.

એ યાદ રાખવું મહત્ત્વપૂર્ણ છે કે ભૂતકાળનું પ્રદર્શન ભાવ‍િ શૈક્ષણકિ વકિાસ અને સફળતા નર્ધિારતિ કરતું નથી. ઉચ્ચ ગુણવત્તા સાથેનું શક્ષિણ અને વદ્યિાર્થીના પ્રયત્નો અને સંલગ્નતા ભવષ્યિના પ્રદર્શનને નર્ધિારતિ કરવામાં મદદ કરે છે.

દરેક પ્રાવીણ્ય સ્તર વશિે વધારાની માહતિી https://www.isbe.net/Documents/Proficiency-Levels-2025.pdf પર મળી શકે છે

2 માંથી પાનું 1

ILLINOIS STATE BOARD OF EDUCATION

**નામ અટક**

## વિજ્ઞાનની તૈયારીના ત્રણ ક્ષેત્રો પર નજીકથી નજર

નીચે આપેલ કોષ્ટક વિજ્ઞાનના ત્રણ ક્ષેત્રો માટે વિદ્યાર્થી ડોમેન સ્કેલ સ્કોર, રાજ્ય સ્કેલ સ્કોરની સરેરાશ અને વિદ્યાર્થી પર્સન્ટાઇલ રેન્ક દર્શાવે છે. એકંદર સ્કેલ સ્કોર અથવા ઉપરના પ્રદર્શન સ્તરની તુલના નીચેના ત્રણ ક્ષેત્ર સ્કેલ સ્કોર સાથે ન કરવી જોઈએ કારણ કે સ્કોર સમાન સ્કેલ પર નથી.

| **ક્ષેત્ર*** | **વિદ્યાર્થી ડોમેન સ્કેલ સ્કોર** | **રાજ્ય સ્કેલ સ્કોરની સરેરાશ** | **વિદ્યાર્થી પર્સન્ટાઇલ રેન્ક**** | **ક્ષેત્રનું વર્ણન** |
|---|---|---|---|---|
| **જીવન** (300-500) | 357 | 377 | 52 | વિદ્યાર્થીઓ સજીવો, પારિસ્થિતિક તંત્ર, આનુવંશિકતા અને જૈવિક ઉત્ક્રાંતિ માટે પરમાણુઓની સમજ વિકસાવશે. |
| **પૃથ્વી/અવકાશ** (300-500) | 346 | 383 | 52 | વિદ્યાર્થીઓ બ્રહ્માંડમાં પૃથ્વીનું સ્થાન, પૃથ્વીનું તંત્ર અને પૃથ્વી અને માનવની પ્રવૃત્તિની સમજ વિકસાવશે. |
| **ભૌતિક** (300-500) | 379 | 400 | 40 | વિદ્યાર્થીઓ દ્રવ્ય, ગતિ સ્થિરતા, ઊર્જા અને તરંગોની સમજ વિકસાવશે. |

***ક્ષેત્રોના સ્કોરની એકબીજા સાથે સરખામણી ન કરવી જોઈએ.**
****વિદ્યાર્થી પર્સન્ટાઇલ રેન્કને સરેરાશ ન કરવી જોઈએ કારણ કે તે આંકડાકીય રીતે અયોગ્ય છે.**

સમગ્ર મૂલ્યાંકન પરિણામ સ્કેલ સ્કોર જીવન વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન અને પૃથ્વી અને અવકાશ વિજ્ઞાનના ક્ષેત્રોમાંની સમજણ માટે વિજ્ઞાન મૂલ્યાંકનના વિદ્યાર્થીઓના પ્રદર્શનને રજૂ કરે છે.

ત્રણ ક્ષેત્રો વિજ્ઞાનના વ્યાપક વિષય વિસ્તારો છે. અવલોકનક્ષમ અને માપી શકાય તેવી ઘટના વિશેના પ્રશ્નોના જવાબ આપવા માટે જીવન, ભૌતિક અને પૃથ્વી અવકાશ વિજ્ઞાનના સંયોજનોનો ઉપયોગ કરી શકાય છે. ઈજનેરી, પ્રૌદ્યોગિક વિજ્ઞાન અને વિજ્ઞાનનો ઉપયોગ એ વિજ્ઞાનના ત્રણ ક્ષેત્રોમાં સમાવિષ્ટ છે.

**વાતચીત શરૂ કરો:** તમે આ પરિણામોનો ઉપયોગ તમારા બાળક, શિક્ષક અથવા શાળાના સંચાલકો સાથે વિજ્ઞાન વિશે વાતચીત શરૂ કરવા માટે કરી શકો છો. નીચે કેટલાક વિષયો અને પ્રશ્નો છે જેનો ઉપયોગ તમે તમારી શાળાના શિક્ષકો, આચાર્ય અને અન્ય લોકો સાથે ચર્ચામાં કરી શકો છો.

ISA એ ગતિશીલ અને નવીનીકરણનું મૂલ્યાંકન છે. તે વિજ્ઞાનમાં Illinois લર્નિંગ સ્ટૅન્ડર્ડ્સ (ILS) સાથે સંરેખિત છે, જે નેક્સ્ટ જનરેશન સાયન્સ સ્ટૅન્ડર્ડ્સ (NGSS) પર આધારિત છે. ધોરણો અને મૂલ્યાંકનો વિદ્યાર્થીઓને તથ્યો યાદ રાખવા માટે કહેવા કરતાં ઘણા આગળ જાય છે. બંને વિદ્યાર્થીઓને તથ્યો સાથેના પ્રશ્નોના "જવાબ" આપવા અને શા માટે સમજાવવા અને તેમના જવાબોને સમર્થન આપવા પુરાવા અને તર્ક સાથે સક્ષમ થવાનું કહે છે. ધોરણો વિદ્યાર્થીઓને સંકલિત અને આંતરસંબંધિત વિભાવનાઓનો ઉપયોગ કરીને વિજ્ઞાન સાથે જોડાવાનું કહે છે.

**હું મારા બાળકની શાળામાં શિક્ષકો અથવા સંચાલકોને કયા પ્રશ્નો પૂછી શકું?**

- ILS-સંરેખિત વર્ગખંડમાંથી મારે શું અપેક્ષા રાખવી જોઈએ?
- Illinois લર્નિંગ સ્ટૅન્ડર્ડ્સના અનુપ્રયોગ સાથે વિજ્ઞાન શિક્ષણ કેવી રીતે બદલાયું છે?
- નવા વિજ્ઞાન ધોરણો મારા બાળકને કોલેજ અને/અથવા કારકિર્દી માટે કેવી રીતે તૈયાર કરશે?

**શાળાઓએ વર્તમાન અભ્યાસક્રમને નવા વિજ્ઞાન ધોરણો સાથે સંરેખિત કરવા માટે કયા ફેરફારો કર્યા છે?**

- વિજ્ઞાન અભ્યાસક્રમમાં વિજ્ઞાન, પ્રૌદ્યોગિક વિજ્ઞાન, ઈજનેરી અને ગણિત (STEM)ને કેવી રીતે સામેલ કરવામાં આવશે?
- જેમ મારો વિદ્યાર્થી શાળામાં આગળ વધે છે શું તેમ ધોરણો એક ગ્રેડથી બીજા ગ્રેડમાં સંરેખિત થાય છે ?
- ત્રિ-પરિમાણીય શિક્ષણ શું છે અને તે મારા બાળકને કેવી રીતે અસર કરશે?
- મારા બાળકને નવા ધોરણોના અવકાશમાં શીખવા માટે કઈ અલગ અલગ કુશળતા અને યોગ્યતાઓની જરૂર પડશે?
- આ ધોરણો અંગે મારા બાળકના પ્રદર્શનને તૈયાર કરવા, પ્રોત્સાહિત કરવા, સુધારવા અને આગળ વધારવા માટે અમે ઘરે શું કરી શકીએ?

**મારે મારા બાળકને શું પૂછવું જોઈએ?**

- કુદરતી અનુભવ સમજાવવા માટે
- શા માટે તેઓ માને છે કે તેમની સમજૂતી સાચી છે.
- તેમના પ્રતિભાવ માટે પુરાવા (તથ્યો, ડેટા, અવલોકનો, વગેરે) પ્રદાન કરવા.
- શા માટે તેમના પુરાવા મૂળ વિચારને સમર્થન આપે છે તે વિશે સમજૂતી (તર્ક) પ્રદાન કરવા.
- વૈજ્ઞાનિક ઘટનાઓની આસપાસ "શા માટે"નો પ્રશ્ન ઉદભવે છે કારણ કે વિજ્ઞાનની મજા પુરાવાઓનું વિશ્લેષણ કરવામાં અને તર્ક ઘડવામાં છે!

**સંસાધનો:**

- llinois રાજ્ય શિક્ષણ બોર્ડ, વિજ્ઞાન સંસાધનો: https://www.isbe.net/Pages/Illinois-Science-Assessment.aspx
- NGSS સાથે માતાપિતાને મદદ કરતા સંસાધનો: https://www.nextgenscience.org/resources/ngss-parent-guides
- NGSS ધોરણોની સમજણ:https://www.nextgenscience.org/understanding-standards/understanding-standards

પૃષ્ઠ 2માંથી 2

## 2.3 વ્યક્તિગત વિદ્યાર્થી રિપોર્ટની સમજણ

### 2.3.1 સામાન્ય માહિતી

**A. ઓળખની માહિતી**
વ્યક્તિગત વિદ્યાર્થી રિપોર્ટમાં વિદ્યાર્થીનું નામ, જન્મ તારીખ, રાજ્ય વિદ્યાર્થી ID, મૂલ્યાંકન વખતે ગ્રેડ સ્તર, જિલ્લાનું નામ, શાળાનું નામ અને રાજ્યની યાદી હોય છે. મૂલ્યાંકન સમયના ગ્રેડ સ્તર પણ રિપોર્ટની ડાબી બાજુના બોક્સમાં દર્શાવવામાં આવેલ છે.

**B. રિપોર્ટનું વર્ણન**
રિપોર્ટનું વર્ણન ગ્રેડ સ્તરનું મૂલ્યાંકન, વિષયવસ્તુ ક્ષેત્ર (વિજ્ઞાન) મૂલ્યાંકન અને મૂલ્યાંકન વર્ષ પ્રદાન કરે છે. તે મૂલ્યાંકન અને સ્કોર રિપોર્ટની સામાન્ય ઝાંખી પણ પ્રદાન કરે છે.

**C. કૌટુંબિક પોર્ટલ**
વ્યક્તિગત વિદ્યાર્થી રિપોર્ટમાં માતાપિતા માટે IL કૌટુંબિક પોર્ટલ દ્વારા વિદ્યાર્થી રિપોર્ટ અને રિપોર્ટ સમજૂતીના વિડીયો ઍક્સેસ કરવા માટેની માહિતી શામેલ છે. કૌટુંબિક પોર્ટલને https://familyportal.pearson.com/il પર ઍક્સેસ કરી શકાય છે.

**D. રિપોર્ટનો ઉપયોગ કેવી રીતે કરવો**
આ વિભાગ માતાપિતા તેમના બાળકના શિક્ષક (કો) સાથે ચર્ચા શરૂ કરવા માટે રિપોર્ટનો ઉપયોગ કેવી રીતે કરી શકે તે અંગે માર્ગદર્શન પૂરું પાડે છે. વિદ્યાર્થીઓ ટ્રેક પર રહેવા માટે જરૂરી કુશળતા શીખી રહ્યા છે કે નહિ તેની ખાતરી કરવા માટે માતાપિતા અને શિક્ષકોએ નિયમિત તપાસ કરવી મહત્વપૂર્ણ છે. આ માહિતી બાળકની ક્ષમતા અને પડકારોને ઓળખવામાં પણ મદદ કરી શકે છે જેથી માતાપિતા અને શિક્ષકો વિદ્યાર્થીની શૈક્ષણિક પ્રગતિને ટેકો આપવા માટે કામ કરી શકે.

### 2.3.2 એકંદર મૂલ્યાંકન સ્કોર

**E. એકંદર કામગીરીનું ગ્રાફિકલ પ્રતિનિધિત્વ: એકંદર સ્કેલ સ્કોર અને પ્રદર્શન સ્તર**
આ ગ્રાફિક ચાર પ્રદર્શન સ્તરોનું ચિત્રણ પૂરું પાડે છે અને જ્યાં વિદ્યાર્થીનો એકંદર સ્કેલ સ્કોર પ્રદર્શન સ્કેલ સાથે સ્થિત છે. વિદ્યાર્થીનો સ્કોર વ્યક્તિગત વિદ્યાર્થીનો સ્કોર સંરેખિત થાય છે ત્યાં પ્રદર્શન સ્તર સાથે બાળકના સ્કોરના લેબલવાળા કોલમમાં સ્થિત નંબર અને કાળા તીર દ્વારા દર્શાવવામાં આવે છે. એકંદર સ્કેલ સ્કોરની શ્રેણીઓ ગ્રાફિકની નીચે દર્શાવેલ છે. દરેક પ્રદર્શન સ્તર માટે સ્કેલ સ્કોર રેન્જની સંપૂર્ણ સૂચિ માટે પરિશિષ્ટ A નો સંદર્ભ લો.

**F. તમારા બાળકનો સ્કોર**
રિપોર્ટનો આ વિભાગ તમારા બાળકના એકંદર સ્કેલ સ્કોર તેમજ જો તે/તેની ઘણી વખત પરીક્ષા આપે તો તે સ્કોરમાં અપેક્ષિત ફેરફારોના અંદાજ સંબંધિત માહિતી પ્રદાન કરે છે.

# પરશિષ્ટ A

# સ્કેલ સ્કોર શ્રેણીઓ

| ગ્રેડ 5 વિજ્ઞાન | | | |
|---|---|---|---|
| સ્તર 1 કટ | 700 | સ્તર 1 શ્રેણી | 700 - 769 |
| સ્તર 2 કટ | 770 | સ્તર 2 શ્રેણી | 770 - 811 |
| સ્તર 3 કટ | 812 | સ્તર 3 શ્રેણી | 812 - 855 |
| સ્તર 4 કટ | 856 | સ્તર 4 શ્રેણી | 856 - 900 |

| ગ્રેડ 8 વિજ્ઞાન | | | |
|---|---|---|---|
| સ્તર 1 કટ | 700 | સ્તર 1 શ્રેણી | 700 - 769 |
| સ્તર 2 કટ | 770 | સ્તર 2 શ્રેણી | 770 - 811 |
| સ્તર 3 કટ | 812 | સ્તર 3 શ્રેણી | 812 - 855 |
| સ્તર 4 કટ | 856 | સ્તર 4 શ્રેણી | 856 - 900 |